# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં.૩૪૪/પૈકી ૨

Search in : KARAMLA.. /KARAMLA..

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૧૯૧૨૨૦૦૩૦૫૩ | અરજી નંબર | ૧૭૦૮ | અરજી વર્ષ | ૨૦૧૯ |
| તારીખ | ૨ | માહે | ફેબ્રુઆરી | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ સુશીલ પી ભાજીવાલા

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી............................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................... | |
| શેરોની નકલ કરવા માટે ફી................................................ | |
| ટપાલ ખર્ચ.................................................................. | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )............................ | |
| શોધ અગર તપાસણી............Year: 1985 2019 | ૨૮૫.૦૦ |
| દંડ કલમ-૨૫.................................................................. | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................................ | |
| નકલ ફી ફોલીયો.............................................................. | |
| ઈન્ડેક્ષ-૨ ફી ................................................................. | |

| કુલ એકંદરે રૂ. | ૨૮૫.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો પંચાશી પુરા

દસ્તાવેજ તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

----------- ના દિવસે તૈયાર થશે અને --------------- આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

એસ એસ નકુમ
સબ રજીસ્ટ્રાર
ઓલપાડ

THE SEAL OF THE SUB REGISTRAR * OLPAD *

**Manoj H. Patel**
+91 98250 54363

**Prakash M. Patel**
+91 98256 74740

ADVOCATE

# ADVOCATES

Office No : 208-9-10, Om Shoppie, Opp. Prime Arcade, Anand Mahal Road, Adajan, SURAT - 395009. Ph. (Off.) 0261 -2768258.

Ref. No. : Date :

**<u>પ્રતિશ્રી,</u>**

**<u>રીયલ એસ્ટેટ ઓથોરીટી,</u>**

**<u>સુરત.</u>**

**<u>વિષય : વકીલાત તરીકેની પ્રેકટીસ કરતા હોવા બાબત.</u>**

જય ભારત સાથ જણાવવાનું કે,

અમો પ્રકાશ એમ.પટેલ ગુજરાત રાજયમાં એડવોકેટ તરીકે છેલ્લા ૧૮ વર્ષથી પ્રેકટીસ કરી રહ્યા છીએ અને વકીલાતની પ્રેકટીસ કરવા માટે હમોએ ગુજરાત રાજયમાં બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાંથી સને-૨૦૦૧ ની સાલમાં એનરોલમેન્ટ નં. જી/૨૦૪/૨૦૦૧ થી સનદ મેળવેલ છે, અને સુરત ડીસ્ટ્રીકટ બાર એસોસીએશનમાં નોંધાયેલ સભ્ય છીએ.

MANOJ H. PATEL PRAKASH M. PATEL ADVOCATES • SURAT •

PRAKASH M. PATEL
ADVOCATE
208-210, Om Shoppie,
Opp. Prime Arcade,
Anand Mahal Road, Adajan,
SURAT-9. Ph. 0261-2768258

Manoj H. Patel
+91 98250 54363

ADVOCATE

Prakash M. Patel
+91 98256 74740

ADVOCATES

Office No : 208-9-10, Om Shoppie, Opp. Prime Arcade, Anand Mahal Road, Adajan, SURAT - 395009. Ph. (Off.) 0261 -2768258.

Ref. No. :

Date :

# એંકમ્બરન્સ સર્ટીફીકેટ.

આથી હું નીચે સહી કરનાર **પ્રકાશ એમ.પટેલ (એડવોકેટ),** જે હરીદર્શન રો-હાઉસ પ્રોજેકટનાં એડવોકેટ તરીકે બાંહેધરી આપીએ છીએ કે હરી એન્ટઇપ્રાઇઝ એક ભાગીદારી પેઢીનાં નામની ભાગીદારી પેઢી દ્વારા આયોજીત પ્રોજેકટ સુરત જીલ્લાનાં ઓલપાડ તાલુકાનાં **મોજે : કરમલાના બ્લોક નં. ૩૮૮/૨** વાળી રહેણાંકનાં હેતુ માટે બીનખેતી થયેલ જમીનમાં હરીદર્શન રો-હાઉસનાં નામથી ઓળખાતી યોજનામાં આયોજીત જમીનનું ક્ષેત્રફળ ૩૧૧૬૨ ચો.મી. થાય છે તે પ્રોજેકટ ઉપર કે પ્રોજેકટની જમીન ઉપર કોઇપણ બેંકનું કે અન્ય કોઇપણ જાતનું લેણુ નથી કે લોન નથી જેની અમો ખાત્રી આપીએ છીએ.

MANOJ H. PATEL PRAKASH M. PATEL ADVOCATES • SURAT •

PRAKASH M. PATEL
ADVOCATE
208-210, Om Shoppie,
Opp. Prime Arcade,
Anand Mahal Road, Adajan,
SURAT-9. Ph. 0261-2768258

Manoj H. Patel
+91 98250 54363

Prakash M. Patel
+91 98256 74740

ADVOCATES

Office No : 208-9-10, Om Shoppie, Opp. Prime Arcade, Anand Mahal Road, Adajan, SURAT - 395009. Ph. (Off.) 0261 -2768258.

Ref. No. : Date : 4/02/2019

# -:: ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ ::-

**વિષય :-** સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના **મોજે : કરમલાના બ્લોક નં. ૩૮૮/૨** વાળી બીનખેતીની જમીનમાં મંજુર થયેલા પ્લાન મુજબ રહેણાંકનાં હેતુ માટે પાડવામાં આવેલા નીચે મુજબનાં ખુલ્લા પ્લોટોવાળી જમીનનો ટાઇટલ કલીયર રીપોર્ટ.

| પ્લોટ નંબર | પ્લોટેટ એરીયાનું ક્ષેત્રફળ (ચો.મી) | વણ-વહેચાયેલ રોડ-રસ્તા તથા C.O.P. નું ક્ષેત્રફળ (ચો.મી.) | કુલ્લે ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૫૩ થી ૮૨ (કુલ ૩૦ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૩૦ = ૨૩૩૧.૦૦ | ૧૪૯૭.૦૦ | ૩૮૨૮.૦૦ |
| ૮૫ થી ૧૦૬ (કુલ ૨૨ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૨૨ = ૧૭૦૯.૪૦ | ૧૦૯૭.૮૦ | ૨૮૦૭.૨૦ |
| ૮૪, ૧૦૭, ૧૦૯, ૧૩૨ (કુલ ૪ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૪ = ૩૧૦.૮૦ | ૧૯૯.૬૦ | ૫૧૦.૪૦ |
| ૧૧૦ થી ૧૩૧ (કુલ ૨૨ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૨૨ = ૧૭૦૯.૪૦ | ૧૦૯૭.૮૦ | ૨૮૦૭.૨૦ |
| ૧૫૦ થી ૧૫૫ (કુલ ૬ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૬ = ૪૬૬.૨૦ | ૨૯૯.૪૦ | ૭૬૫.૬૦ |
| ૨૦૫ તથા ૨૦૬ (કુલ ૨ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૮૭.૯૯ × ૨ =૧૭૫.૯૮ | ૧૧૩.૦૫ | ૨૮૯.૦૩ |
| ૯ | ૮૦.૦૨ | ૫૧.૪૦ | ૧૩૧.૪૨ |
| ૧૦ થી ૧૬ (કુલ ૭ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૭ = ૫૪૩.૯૦ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૯.૯૦ × ૭ = ૩૪૯.૩૦ | ૮૯૩.૨૦ |
| ૧૭ | ૨૫૯.૮૭ | ૧૬૬.૯૨ | ૪૨૬.૭૯ |
| ૧૮ | ૧૯૪.૪૭ | ૧૨૪.૯૧ | ૩૧૯.૩૮ |
| ૧૯ થી ૨૭ (કુલ ૯ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૯ = ૬૯૯.૩૦ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૯.૯૦ × ૯ = ૪૪૯.૧૦ | ૧૧૪૮.૪૦ |
| ૨૮ | ૮૪.૪૭ | ૫૪.૨૬ | ૧૩૮.૭૩ |
| ૧૩૭ | ૯૧.૪૨ | ૫૮.૭૨ | ૧૫૦.૧૪ |
| ૧૩૮ | ૯૩.૯૦ | ૬૦.૩૧ | ૧૫૪.૨૧ |
| ૧૩૯ | ૯૫.૪૪ | ૬૧.૩૦ | ૧૫૬.૭૪ |
| ૧૪૦ | ૯૭.૭૬ | ૬૨.૭૯ | ૧૬૦.૫૫ |
| ૧૪૧ | ૧૦૦.૧૮ | ૬૫.૦૦ | ૧૬૫.૧૮ |
| ૧૪૨ | ૧૦૨.૫૯ | ૬૬.૦૦ | ૧૬૮.૫૯ |
| ૧૪૩ | ૬૨.૪૩ | ૪૧.૦૦ | ૧૦૩.૪૩ |
| ૧૪૪ | ૧૦૧.૭૨ | ૬૬.૦૦ | ૧૬૭.૭૨ |
| ૧૪૫ | ૧૪૨.૪૭ | ૯૨.૦૦ | ૨૩૪.૪૭ |
| ૧૪૬ | ૧૮૧.૬૫ | ૧૧૭.૦૦ | ૨૯૮.૬૫ |
| ૧૪૭ | ૧૧૩.૬૬ | ૭૩.૦૦ | ૧૮૬.૬૬ |

MANOJ H. PATEL PRAKASH M. PATEL ADVOCATES SURAT

| | | | |
|---|---|---|---|
| ૧૪૮ | ૧૫૦.૩૨ | ૯૭.૦૦ | ૨૪૭.૩૨ |
| ૧૪૯ | ૮૭.૦૦ | ૫૬.૦૦ | ૧૪૩.૦૦ |
| ૧૫૬ | ૮૯.૦૫ | ૫૭.૨૦ | ૧૪૬.૨૫ |
| ૧૭૮ | ૮૪.૪૩ | ૫૪.૨૩ | ૧૩૮.૬૬ |
| ૧૭૯ થી ૧૮૭ (કુલ ૯ પ્લોટો) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૦.૨૭ × ૯ = ૬૩૨.૪૩ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૫.૧૩ × ૯ = ૪૦૬.૧૭ | ૧૦૩૮.૬૦ |
| ૧૮૮ | ૧૪૮.૦૯ | ૯૫.૧૨ | ૨૪૩.૨૧ |
| ૧૮૯ | ૧૨૯.૦૯ | ૮૨.૯૨ | ૨૧૨.૦૧ |
| ૧૯૦ થી ૨૦૦ (કુલ ૧૧ પ્લોટો) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૦.૨૭ × ૧૧ = ૭૭૨.૯૭ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૫.૧૩ × ૧૧ = ૪૯૬.૪૩ | ૧૨૬૯.૪૦ |
| ૨૦૧ | ૮૧.૫૭ | ૫૨.૩૯ | ૧૩૩.૯૬ |
| ૧ | ૧૧૫.૨૦ | ૭૩.૯૯ | ૧૮૯.૧૯ |
| ૨ | ૭૫.૬૨ | ૪૮.૫૭ | ૧૨૪.૧૯ |
| ૩ | ૮૭.૪૬ | ૫૬.૧૮ | ૧૪૩.૬૪ |
| ૪ થી ૭<br>૩૦ થી ૩૯<br>૪૨ થી ૫૧<br>(કુલ ૨૪ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૨૪<br>૧૮૬૪.૮૦ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૯.૯૦ × ૨૪<br>૧૧૯૭.૬૦ | ૩૦૬૨.૪૦ |
| ૮ | ૧૯૦.૬૮ | ૧૨૨.૪૭ | ૩૧૩.૧૫ |
| ૨૯ | ૯૧.૭૭ | ૫૮.૯૪ | ૧૫૦.૭૧ |
| ૪૦ તથા ૪૧ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૬ × ૨<br>૧૫૫.૫૨ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૯.૯૫ × ૨<br>૯૯.૯૦ | ૨૫૫.૪૨ |
| ૫૨ | ૯૬.૧૧ | ૬૧.૭૩ | ૧૫૭.૮૪ |
| ૧૩૪ | ૯૦.૫૧ | ૫૮.૧૪ | ૧૪૮.૬૫ |
| ૧૩૫ | ૯૧.૪૨ | ૫૮.૭૨ | ૧૫૦.૧૪ |
| ૧૩૬ | ૯૨.૨૬ | ૫૯.૨૬ | ૧૫૧.૫૨ |
| ૧૫૭ | ૧૪૦.૪૬ | ૯૦.૨૨ | ૨૩૦.૬૮ |
| ૧૫૮ | ૭૫.૬૮ | ૪૮.૬૧ | ૧૨૪.૨૯ |
| ૧૫૯ | ૧૨૯.૨૮ | ૮૩.૦૪ | ૨૧૨.૩૨ |
| ૧૬૦, ૧૬૧,<br>૧૬૪ થી ૧૬૮<br>૧૭૧ થી ૧૭૬<br>(કુલ ૧૩ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૦.૨૭ × ૧૩<br>૯૧૩.૫૧ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૫.૧૩ × ૧૩<br>૫૮૬.૬૯ | ૧૫૦૦.૨૦ |
| ૧૬૨ | ૭૩.૬૦ | ૪૭.૩૭ | ૧૨૦.૯૭ |
| ૧૬૩ | ૭૮.૭૨ | ૫૦.૬૬ | ૧૨૯.૩૮ |
| ૧૬૯ | ૧૦૯.૦૬ | ૭૦.૦૫ | ૧૭૯.૧૧ |
| ૧૭૦ | ૧૬૮.૦૬ | ૧૦૭.૯૫ | ૨૭૬.૦૧ |
| ૧૭૭ | ૮૦.૪૯ | ૫૧.૮૦ | ૧૩૨.૨૯ |
| ૨૦૨ | ૩૯૮.૩૨ | ૨૫૫.૯૪ | ૬૫૪.૨૬ |
| ૨૦૩ | ૩૨૦.૫૯ | ૨૦૫.૯૨ | ૫૨૬.૫૧ |
| ૨૦૪ | ૨૫૨.૧૧ | ૧૬૧.૯૩ | ૪૧૪.૦૪ |
| | | | |
| કુલ ક્ષેત્રફળ | ૧૭૬૧૪.૨૧ | ૧૧૩૧૬.૮૦ | ૨૮૯૩૧.૦૧ |

PRAKASH M. PATEL ADVOCATES SURAT

**(૧)...** સુરત જીલ્લાના, ઓલપાડ તાલુકાના મોજે **ગામઃ કરમલાના** ઉપર દર્શાવેલ શીડયુલ મુજબની ખુલ્લા પ્લોટોવાળી જમીનનાં માલીકોએ મારી પાસે ઉપરોક્ત વિષયનાં અનુસંધાનમાં ટાઇટલ કલીયર રીપોર્ટની માંગણી કરેલ છે. અને તેના અનુસંધાને મે તા. ૩/૨/૨૦૧૯ નાં રોજ પહોંચ નં. ૨૦૧૯૧૨૨૦૦૩૦૫૩ (અરજી નં. ૧૭૦૮) થી સબ રજીસ્ટ્રાર સાહેબ ઓલપાડ સમક્ષ શોધ ફી ભરી શોધ કરેલી અને તેમણે મારી રૂબરૂમાં નીચે મુજબના રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓનાં આધારે ઉપરોક્ત વિષયનાં અનુસંધાનમાં જણાવેલ બીનખેતીની જમીન અંગેનો ટાઇટલ કલીયર રીપોર્ટ નીચે મુજબ છે.

**(૨)...** **<u>રજુ કરેલ પુરાવાઓ ....</u>**

(૧) મોજે : કરમલાના બ્લોક નં. ૩૮૮/૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી બીનખેતીની જમીનોની સને ૧૯૪૭-૪૮ થી હાલની ગામના નમુના નં. ૭/૧૨ ના ઉતારાની નકલો.

(૨) મોજે : કરમલાના બ્લોક નં. ૩૮૮/૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી બીનખેતીની જમીનોની સને ૧૯૪૭-૪૮ થી હાલની ૭/૧૨ માં પહેલા તથા બીજા હકકમાં પાડવામાં આવેલ તમામ હકક-પત્રક (ગામના નમુના નં. ૬) નોંધોના ઉતારાઓની નકલો.

(૩) મોજે : કરમલાના બ્લોક નં. ૩૮૯ વાળી જમીન અંગે મહે.મામલતદારશ્રી ઓલપાડનાં હુકમ નં. ગણત/૭૦-એ/કેસ/રજી.નં. ૪/૨૦૧૫ થી તા. ૧૪/૧૦/૨૦૧૫ નાં રોજ કરેલ ગણોતધારાની કલમ ૭૦(એ) હેઠળ આપેલ નોટીસ પરત ખેંચતા હુકમની ઝેરોક્ષ નકલ.

(૪) મે.નાયબ કલેકટરશ્રી, ઓલપાડ પ્રાંતનાં હુકમ નં. ગણત/૭૦(અ)/કરમલા/રજી.નં. ૪૧૮/૨૦૧૫, તા. ૬/૧૨/૨૦૧૫ થી ગણોતધારાની કલમ ૭૦(અ) હેઠળની નોટીસ પાછી ખેંચવા બાબતનાં મામલતદારશ્રી, ઓલપાડનાં હુકમ નં. ગણત/૭૦-એ/કેસ/રજી.નં. ૪/૨૦૧૫ તા. ૧૪/૧૦/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ હુકમને રીવ્યુ કરતા ઓલપાડ પ્રાંત સાહેબનાં હુકમની ઝેરોક્ષ નકલ.

(૫) મોજે : કરમલાનાં બ્લોક નં. ૩૯૩ વાળી નવી શરતની જમીનને ફકત ખેતીનાં હેતુ માટે જુની શરતમાં તબદીલ કરતા મહે.નાયબ કલેકટર સાહેબ, ઓલપાડ પ્રાંતનાં હુકમ નં. ૩૪૯૧/૯૯, તા. ૨૭/૧૧/૧૯૯૯ નાં રોજનાં હુકમની ઝેરોક્ષ નકલ.

(૬) મોજે : કરમલાના બ્લોક નં. ૩૯૩ વાળી જમીન અંગે મહે.મામલતદારશ્રી ઓલપાડનાં હુકમ નં. ગણત/૭૦-એ/કેસ/રજી.નં. ૩/૨૦૧૫ થી તા. ૧૪/૧૦/૨૦૧૫ નાં રોજ કરેલ ગણોતધારાની કલમ ૭૦(એ) હેઠળ આપેલ નોટીસ પરત ખેંચતા હુકમની ઝેરોક્ષ નકલ.

(૭) મે.નાયબ કલેકટરશ્રી, ઓલપાડ પ્રાંતનાં હુકમ નં. ગણત/૭૦(અ)/વશી. ૩૦૬૫/રજી.નં. ૪૧૭/૨૦૧૫, તા. ૬/૧૨/૨૦૧૫ થી ગણોતધારાની કલમ ૭૦(અ) હેઠળની નોટીસ પાછી ખેંચવા બાબતનાં મામલતદારશ્રી, ઓલપાડનાં હુકમ નં. ગણત/૭૦-એ/કેસ/રજી.નં. ૩/૨૦૧૫ તા. ૧૪/૧૦/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ હુકમને રીવ્યુ કરતા ઓલપાડ પ્રાંત સાહેબનાં હુકમની ઝેરોક્ષ નકલ.

(૮) રજી.વેચાણ દસ્તાવેજ નં. ૯૫૨૩, તા. ૨૬/૫/૨૦૧૬ નાં રોજનાં દસ્તાવેજની તથા ઈન્ડેક્ષ-૨ ની ઝેરોક્ષ નકલો.

(૯) રજી.વેચાણ દસ્તાવેજ નં. ૯૫૨૦, તા. ૨૬/૫/૨૦૧૬ નાં રોજનાં દસ્તાવેજની તથા ઈન્ડેક્ષ-૨ ની ઝેરોક્ષ નકલો.

(૧૦) રજી.વેચાણ દસ્તાવેજ નં. ૯૫૨૨, તા. ૨૬/૫/૨૦૧૬ નાં રોજનાં દસ્તાવેજની તથા ઈન્ડેક્ષ-૨ ની ઝેરોક્ષ નકલો.

(૧૧) રજી.વેચાણ દસ્તાવેજ નં. ૯૫૨૧, તા. ૨૬/૫/૨૦૧૬ નાં રોજનાં દસ્તાવેજની તથા ઈન્ડેક્ષ-૨ ની ઝેરોક્ષ નકલો.

(૧૨) રજી.વેચાણ દસ્તાવેજ નં. ૧૬૨૦૦ તા. ૧૬/૧૦/૨૦૧૭ નાં રોજનાં દસ્તાવેજની તથા ઈન્ડેક્ષ-૨ ની ઝેરોક્ષ નકલો.

(૧૩) રજી.વેચાણ દસ્તાવેજ નં. ૬૧૦૬ તા. ૨૭/૩/૨૦૧૮ નાં રોજનાં દસ્તાવેજની તથા ઈન્ડેક્ષ-૨ ની ઝેરોક્ષ નકલો.

(૧૪) રજી.વેચાણ દસ્તાવેજ નં. ૭૪, તા. ૨/૧/૨૦૧૯ નાં રોજનાં દસ્તાવેજની તથા ઈન્ડેક્ષ-૨ ની ઝેરોક્ષ નકલો.

(૧૫) મોજે : કરમલાનાં બ્લોક નં. ૩૯૩ વાળી જમીન અંગે મહે. સુરતના કલેકટર સાહેબના હુકમ નં. ગણત-૪/રજી.નં. ૨૫૨/૧૪/વશી. ૯૨૪/૧૫, ઓનલાઇન ફાઇલ નં. ૧૧૧૭૧, તા.

૩૦/૫/૨૦૧૫ નાં રોજ કરેલ બીનખેતીનાં રહેણાંકનાં હેતુ માટે હેતુફેર કરેલ હુકમની ઝેરોક્ષ નકલ.

(૧૬) મોજે : કરમલાનાં બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનો અંગે મે.સચિવ કારોબારી સમિતિ અને જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરતનાં હુકમ નં. ૪/ડી.પી./એન.એ./રજી.નં. ૪૦૬/૧૬, તા. ૧૧/૫/૨૦૧૬ નાં રોજ કરેલ જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫ હેઠળનાં બીનખેતીનાં હુકમની ઝેરોક્ષ નકલ.

(૧૭) મોજે : કરમલાનાં બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનો અંગે નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, નગર નિયોજકની કચેરી, સુરત શાખાનાં હુકમ નં. બીપી/કરમલા/ઓલપાડ/સુરત/૩૨૩૮, તા. ૧૬/૧૦/૨૦૧૫ નાં રોજ આપેલ વિકાસ પરવાનગીના હુકમની ઝેરોક્ષ નકલ.

(૧૮) મોજે : કરમલાનાં બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનો અંગે નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, નગર નિયોજકની કચેરી, સુરત શાખાનાં હુકમ નં. બીપી/કરમલા/ઓલપાડ/સુરત/૩૨૩૭, તા. ૧૬/૧૦/૨૦૧૫ નાં રોજ મંજુર કરેલ લે-આઉટ પ્લાનની ઝેરોક્ષ નકલ.

(૧૯) મોજે : કરમલાનાં બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનોનાં સત્તા પ્રકાર જુની શરતને બદલે બીનખેતી કરવા મામલતદારશ્રી ઓલપાડનાં હુકમ નં. જદક/કરમલા-૩૯૨+૩૮૮-૨+૩૮૯+૩૯૩/વશી.૨૨૧૦/૨૦૧૬ થી તા. ૯/૮/૨૦૧૬ નાં રોજ કરેલ સુધારા હુકમની ઝેરોક્ષ નકલ.

(૨૦) મોજે : કરમલાનાં બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનોને એકત્ર કરવા મામલતદારશ્રી ઓલપાડનાં હુકમ નં. અકત/કરમલા/બ્લોક એકત્ર/વશી.૬૩૪/૨૦૧૭ થી તા. ૯/૩/૨૦૧૭ નાં રોજ કરેલ એકત્રીકરણનાં હુકમની ઝેરોક્ષ નકલ.

(૨૧) મોજે : કરમલાનાં બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનો અંગે જીલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર સુરતનાં હુકમ ક્રમાંક : કે.જે.પી.એસ.આર./૪૫/૧૭-૧૮, તા. ૩/૭/૨૦૧૭ થી ચારેય બ્લોક નંબરો એકત્ર કરવામાં આવેલ તેનાં દુરસ્તી પત્રકની નકલ.

(૨૨) નોટરી પબ્લિક શાંતિલાલ ડી.પટેલનાં રૂબરૂ તેઓનાં નોટરી સીરીયલ રજી.નં. ૮૫૩, તા. ૨૨/૮/૨૦૧૭ નાં રોજ નોંધાયેલ હરી એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીનાં ભાગીદારી દસ્તાવેજની ઝેરોક્ષ નકલ.

(૨૩) હરી એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીને રજીસ્ટર્ડ ઓફ ફોર્મ દ્વારા આપવામાં આવેલ જી-ફોર્મની ઝેરોક્ષ નકલ.

**<u>આથી ટાઇટલ રીપોર્ટ આપવામા આવે છે કે .....</u>**

(અ) **મોજે : કરમલાના બ્લોક નં. ૩૮૮/૨ વાળી જમીનના ટાઇટલની વિગત...**

સુરત જીલ્લાનાં ઓલપાડ તાલુકાનાં **મોજે : કરમલાના સર્વે નં. ૩૫૬** વાળી જમીન મુળ બેના તે ભીમા દાજીની વિધવાની માલીકીની ચાલી આવેલી. તેઓની જમીનમાં સરક્ષિંત ખેડુત તરીકે (૧) પરભુ ભુલા તથા (૨) પ્રાણ નારણનો તા. ૧/૧/૧૯૪૫ પહેલાનાં છ વર્ષનો કબજો હોવાથી (૧) પરભુ ભુલા તથા (૨) પ્રાણ નારણ નાઓનાં નામો સરક્ષિંત ગણોતીયા તરીકે બીજા હકકમાં દાખલ કરવામાં આવેલા. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૪૮** થી તા. ૮/૧૧/૧૯૪૭ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં ઉપરોકત ચાલી આવતા સરક્ષિંત ગણોતીયાઓ પૈકી પ્રાણ નારણ ગુજરી જતા કબજા વારસ રામુ નારણનો હોવાથી પરભુ ભુલા સાથે ચાલતુ પ્રાણ નારણનું નામ કમી કરી રામુ નારણનું નામ વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૬૨૯** થી તા. ૨૫/૧૧/૧૯૫૦ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં સરક્ષિંત ગણોતીયા (૧) રામુ ઉર્ફે રામા નારણ તથા (૨) પરભુ ભુલા એ સદરહુ જમીનનો કબજો જમીન માલીકને રાજીખુશીથી આપી દીધેલ હોવાથી (૧) રામુ ઉર્ફે રામા નારણ તથા (૨) પરભુ ભુલા નાઓનાં નામો સરક્ષિંત ગણોતીયામાંથી કમી

કરવામાં આવેલા. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૬૭૮** થી તા. ૧૦/૪/૧૯૫૬ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં ચાલી આવતા માલીક બેનાબેન તે ભીમા દાજીની વિધવા તા. ૨૯/૬/૧૯૬૦ નાં રોજ ગુજરી જતા તેમનાં વારસોમાં તેમની સગી છોકરીઓ નામે (૧) મંછાબેન તે ભીમા દાજીની છોકરી તથા (૨) ઇચ્છાબેન તે ભીમા દાજીની છોકરી નાઓનાં નામો ગામ દફતરે વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલા. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૮૬૪** થી તા. ૨૭/૪/૧૯૬૦ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ જમીન (૧) મંછાબેન તે ભીમા દાજીની છોકરી તથા (૨) ઇચ્છાબેન તે ભીમા દાજીની છોકરી નાઓની સંયુકત માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ જમીનનાં ઉપરોકત ચાલી આવતા સહ-માલીકો પૈકી મંછાબેન ઉર્ફે નાનીબેન તે નાનુભાઇ ભીમભાઇની ધણીયાણી તા. ૧૩/૧૨/૧૯૬૦ નાં રોજ ગુજરી ગયેલા. પરંતુ તેઓએ તેમની હયાતીમાં તા. ૨૫/૨/૧૯૫૭ નાં રોજ કરેલ વીલને આધારે ઠેરવેલા વારસ મનમોહનરાય ઉર્ફે મનુભાઇ નાનુભાઇનું નામ વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૯૧૭** થી તા. ૨૫/૩/૧૯૬૧ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ મોજે : કરમલા ગામની જમીનો અંગે એકત્રીકરણ યોજનાં અમલમાં આવતા ગામનાં તમામ સર્વે નંબરોને બ્લોક નંબર આપવામાં આવેલા. અને તે મુજબ સદરહુ જમીનનાં સર્વે નં. ૩૫૬ ને બ્લોક નં. ૩૮૮ આપવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૯૯૬** થી તા. ૨૫/૪/૧૯૬૩ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં ઉપરોકત ચાલી આવતા માલીકો (૧) ઇચ્છાબેન તે ભીમા દાજીની છોકરી તથા (૨) મનમોહનરાય ઉર્ફે મનુભાઇ નાનુભાઇ દેસાઇ નાઓ કનેથી સદરહુ જમીન (૧) સગીર નટવરલાલ અંબેલાલ સગીરનાં વાલી ગજરાબેન તે અંબેલાલ શંકરજીની વિધવા તથા (૨) ઇન્દુમતીબેન તે હસમુખલાલ અંબેલાલની વિધવા નાઓએ મહે.પ્રાત અધિકારી સાહેબની પરવાનગી લઇ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૧૧૭૭** થી તા. ૧/૩/૧૯૭૨ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૨૧, ૩૮૮/અ, ૩૮૮/બ, ૨૩૪, ૩૭૦, ૩૭૧ વાળી જમીનો (૧) ગજરાબેન તે અંબેલાલ શંકરજીની વિધવા, (૨) ઇન્દુમતીબેન તે હસમુખલાલ અંબેલાલની વિધવા તથા (૩) નટવરલાલ અંબેલાલ નાઓની સહ-માલીકીની ચાલી આવેલી. તે સહ-માલીકો પૈકી ગજરાબેન તે અંબેલાલ શંકરજીની વિધવા તા. ૨૦/૭/૧૯૭૭ નાં રોજ ગુજરી જતા તેમનાં સીધીલીટીનાં વારસદારોએ તા. ૩૦/૩/૨૦૦૨ નાં રોજ કરેલ વહેંચણી કરાર મુજબ બ્લોક નં. ૨૧ વાળી જમીન ઇન્દુમતીબેન તે હસમુખ અંબેલાલની વિધવાનાં સ્વતંત્ર હિસ્સામાં આવેલી, તથા બ્લોક નં. ૩૮૮/અ, એકર ૩-૩૭ ગુંઠા, પ્રશ્ચિમ દિશા તરફની જમીન ઇન્દુમતીબેન તે હસમુખ અંબેલાલની વિધવાનાં સ્વતંત્ર હિસ્સામાં આવેલી, તથા બ્લોક નં. ૩૮૮/બ, એકર ૨-૦૦ ગુંઠા, પૂર્વ દિશા તરફની બિન્દેશકુમાર હસમુખલાલનાં સ્વતંત્ર હિસ્સામાં આવેલી, તથા બ્લોક નં. ૨૩૪, ૩૭૦, ૩૭૧ વાળી જમીનો નટવરલાલ અંબેલાલનાં સ્વતંત્ર હિસ્સામાં આવેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૨૪૪૮** થી તા. ૨૦/૪/૨૦૦૨ ના રોજ નોંધાયેલી અને મરણનો દાખલો, પેઢીનામું, પંચકયાસ, વહેંચણી કરાર તથા સરકારશ્રીનાં પરિપત્રને ધ્યાને લઇ તા. ૩/૮/૨૦૦૨ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલી. આમ, સદરહુ બ્લોક નં. ૩૮૮/બ વાળી પુર્વ દિશા તરફની જમીન બિન્દેશકુમાર હસમુખલાલની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૩૮૮/બ વાળી પુર્વ દિશા તરફની જમીનનાં ચાલી આવતા સ્વતંત્ર માલીક બિન્દેશકુમાર હસમુખલાલનાં કનેથી સદરહુ જમીન (૧) અશોકકુમાર જમનાદાસ તથા (૨) ઉમેશકુમાર જમનાદાસ નાઓએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૨૪૮૯** થી તા. ૮/૫/૨૦૦૪ ના રોજ નોંધાયેલી અને તા. ૨૭/૮/૨૦૦૪ નાં રોજ પ્રમાણિત થયેલી છે.

PRAKASH M. PATEL ASSOCIATES SURAT

આમ, સદરહુ બ્લોક નં. ૩૮૮/૨ વાળી જમીન (૧) અશોકકુમાર જમનાદાસ તથા (૨) ઉમેશકુમાર જમનાદાસ નાઓની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલી.

**મોજે : કરમલાના બ્લોક નં. ૩૮૯ વાળી જમીનના ટાઇટલની વિગત...**

સુરત જીલ્લાનાં ઓલપાડ તાલુકાનાં **મોજે : કરમલાના બ્લોક નં. ૩૮૯** વિગેરેવાળી જમીનો મુળ છગનલાલ કુંવરજીની માલીકીની ચાલી આવેલી. તેઓ ગુજરી જતા તેમનાં સીધીલીટીનાં વારસદાર તરીકે લલીતાબેન તે છગનલાલ કુંવરજીની વિધવાનું નામ ગામ દફતરે વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૧૧૨૬** થી તા. ૧/૧૦/૧૯૬૯ ના રોજ નોંધાયેલી અને તા. ૨૯/૭/૧૯૭૦ નાં રોજ પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ જમીન લલીતાબેન તે છગનલાલ કુંવરજીની વિધવાની માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ જમીનનાં ઉપરોક્ત ચાલી આવતા માલીક લલીતાબેન તે છગનલાલ કુંવરજીની વિધવાનાં કનેથી સદરહુ જમીન મુળજીભાઇ વલ્લભભાઇએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૧૭૬૧** થી તા. ૧/૧૦/૧૯૮૬ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ જમીન મુળજીભાઇ વલ્લભભાઇની માલીકીની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ જમીનનાં ઉપરોક્ત ચાલી આવતા સ્વતંત્ર માલીક મુળજીભાઇ વલ્લભભાઇનાં કનેથી સદરહુ જમીન (૧) અશોકભાઇ જમનાદાસ તથા (૨) ઉમેશભાઇ જમનાદાસ નાઓએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૨૪૩૮** થી તા. ૨૬/૧૦/૨૦૦૧ ના રોજ નોંધાયેલી અને તા. ૩/૨/૨૦૦૨ નાં રોજ પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ બ્લોક નં. ૩૮૯ વાળી જમીન (૧) અશોકકુમાર જમનાદાસ તથા (૨) ઉમેશકુમાર જમનાદાસ નાઓની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ જમીન અંગે મહે.મામલતદાર સાહેબ, ઓલપાડનાં હુકમ નં. ગણત/૭૦-એ/કિસ/રજી.નં. ૪/૨૦૧૫ થી તા. ૧૪/૧૦/૨૦૧૫ નાં રોજનાં હુકમ મુજબ મોજે : કરમલાનાં બ્લોક નં. ૩૮૯ વાળી જમીન લલીતાબેન છગનભાઇ કુંવરજી કનેથી મુળજીભાઇ વલ્લભભાઇ ચૌહાણ તથા તેની પાસેથી ખરીદનાર અશોકભાઇ જમનાદાસ પટેલ તથા ઉમેશચંદ્ર જમનાદાસ પટેલ વારસાગત ખેડુત ખાતેદાર હોવાનું પુરવાર થતા ગણોતધારાની કલમ ૭૦(એ) હેઠળ આપેલ નોટીસ પરત ખેંચવા હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૫૯૧** થી તા. ૨૧/૧૦/૨૦૧૫ ના રોજ નોંધાયેલી અને તા. ૧૯/૧૨/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીન અંગે મે.નાયબ કલેકટરશ્રી, ઓલપાડ પ્રાંતનાં હુકમ નં. ગણત/૭૦(અ)/કરમલા/રજી.નં. ૪૧૮/૨૦૧૫, તા. ૬/૧૨/૨૦૧૫ થી ગણોતધારાની કલમ ૭૦(અ) હેઠળની નોટીસ પાછી ખેંચવા બાબતનાં મામલતદારશ્રી, ઓલપાડનાં હુકમ નં. ગણત/૭૦-એ/કિસ/રજી.નં. ૪/૨૦૧૫ તા. ૧૪/૧૦/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ હુકમ રીવ્યુ કરતા, હુકમ યોગ્ય અને કાયદેસરનો હોય, અવલોકને લઇ પરત કરેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૬૫૯** થી તા. ૪/૧/૨૦૧૬ ના રોજ નોંધાયેલી અને તા. ૩/૩/૨૦૧૬ નાં રોજ પ્રમાણિત થયેલી છે.

**મોજે : કરમલાના બ્લોક નં. ૩૯૨ વાળી જમીનના ટાઇટલની વિગત...**

સુરત જીલ્લાનાં ઓલપાડ તાલુકાનાં **મોજે : કરમલાના સર્વે નં. ૩૬૬/૨/૧** વિગેરેવાળી જમીનો મુળ ખંડુભાઇ નીછાભાઇની માલીકીની ચાલી આવેલી. તેઓ તા. ૨૩/૧૦/૧૯૪૪ નાં રોજ ગુજરી જતા તેમનો વારસ છોકરો મગનલાલ ખંડુભાઇનું નામ ગામ દફતરે પક્ષકારોએ તા. ૬/૧૧/૧૯૪૪ નાં રોજ આપેલ જવાબને આધારે વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૨૮૩** થી તા. ૬/૧૧/૧૯૪૪ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ જમીન મગનલાલ ખંડુભાઇની માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ સર્વે નં. ૩૬૬/૨/૧ વિગેરેવાળી જમીનોનાં સરક્ષિંત ગણોતીયા ડાહ્યાભાઇ નાથુભાઇ તથા ધીરૂભાઇ મણીભાઇએ પોતાની રાજીખુશીથી સદરહુ જમીનનો કબજો, ભોગવટો જમીન માલીક મગનલાલ ખંડુભાઇ દેસાઇને સુપ્રત કરી દીધેલ હોવાથી મહે.મામલતદાર

સાહેબનાં હુકમ નં. ટીએનઇ/૧૦૨/૫૧-૫૨ તા. ૨૬/૫/૧૯૫૧ નાં હુકમને આધારે ડાહ્યાભાઇ નાથુભાઇ તથા ધીરૂભાઇ મણીભાઇનું નામ ગણોતીયામાંથી કમી કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૪૨૯** થી તા. ૨૮/૨/૧૯૫૨ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ મોજે : કરમલા ગામની જમીનો અંગે એકત્રીકરણ યોજનાં અમલમાં આવતા ગામનાં તમામ સર્વે નંબરોને બ્લોક નંબર આપવામાં આવેલા. અને તે મુજબ સદરહુ જમીનનાં સર્વે નં. ૩૬૬/૨/૧ ને બ્લોક નં. ૩૯૨ આપવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૯૯૬** થી તા. ૨૫/૪/૧૯૬૩ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં ઉપરોકત ચાલી આવતા માલીક મગનલાલ ખંડુભાઇ તા. ૨૪/૧૧/૧૯૬૫ નાં રોજ ગુજરી જતા તેમનાં સીધીલીટીનાં વારસમાં તેમનો પુત્ર હસમુખલાલ મગનલાલનું નામ ગામ દફતરે વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૧૦૫૬** થી તા. ૧૫/૨/૧૯૬૬ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ જમીન હસમુખલાલ મગનલાલની માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ જમીનનાં ઉપરોકત ચાલી આવતા માલીક હસમુખલાલ મગનલાલનાં કનેથી સદરહુ જમીન મુળજીભાઇ વલ્લભભાઇ ચૌહાણે તા. ૧/૮/૧૯૮૬ નાં રોજ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૧૭૬૦** થી તા. ૧/૧૦/૧૯૮૬ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ જમીન મુળજીભાઇ વલ્લભભાઇ ચૌહાણની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ જમીનનાં ઉપરોકત ચાલી આવતા સ્વતંત્ર માલીક મુળજીભાઇ વલ્લભભાઇ ચૌહાણનાં કનેથી સદરહુ જમીન (૧) અશોકભાઇ જમનાદાસ પટેલ તથા (૨) ઉમેશભાઇ જમનાદાસ પટેલ નાઓએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૨૪૨૩** થી તા. ૨/૮/૨૦૦૧ ના રોજ નોંધાયેલી અને તા. ૫/૧૦/૨૦૦૧ નાં રોજ પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ બ્લોક નં. ૩૯૨ વાળી જમીન (૧) અશોકકુમાર જમનાદાસ તથા (૨) ઉમેશકુમાર જમનાદાસ નાઓની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલી.

**મોજે : કરમલાના બ્લોક નં. ૩૯૩ વાળી જમીનના ટાઇટલની વિગત...**

સુરત જીલ્લાનાં ઓલપાડ તાલુકાનાં **મોજે : કરમલાના સર્વે નં. ૩૬૬/૧ પૈકી** વિગેરેવાળી જમીનો (૧) દલપતભાઇ રણછોડભાઇ, (૨) નાનુભાઇ પ્રાણુભાઇ તથા (૩) ભીમભાઇ પ્રાણુભાઇ નાઓની માલીકીની ચાલી આવેલી. તેઓએ તા. ૧૫/૬/૧૯૪૭ નાં રોજ ભાઇ-ભાગની વહેંચણ કરતા સર્વે નં. ૩૬૬/૧ પૈકી, એકર ૧-૧૭ ગુંઠા જમીન દલપતભાઇ રણછોડભાઇનાં સ્વતંત્ર હિસ્સામાં આવેલી, તથા સર્વે નં ૩૬૬/૧ પૈકી, એકર ૧-૧૭ ગુંઠા જમીન (૧) નાનુભાઇ પ્રાણુભાઇ તથા (૨) ભીમભાઇ પ્રાણુભાઇનાં સ્વતંત્ર હિસ્સામાં આવેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૨૭** થી તા. ૨૭/૬/૧૯૪૭ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં ઉપરોકત ચાલી આવતા સહ-માલીકો પૈકી નાનુભાઇ પ્રાણુભાઇ તા. ૬/૧૨/૧૯૪૯ નાં રોજ ગુજરી જતા તેમનાં સીધીલીટીનાં વારસદારો તરીકે (૧) ગજરાબેન તે નાનુભાઇ પ્રાણુભાઇની વિધવા, (૨) સગીર છોટુભાઇ નાનુભાઇ તથા (૩) સગીર કિશોરભાઇ નાનુભાઇ સગીરોનાં વાલી ગજરાબેન નાનુભાઇનાઓનાં નામો ગામ દફતરે વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલા. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૯૮** થી તા. ૨૮/૨/૧૯૫૦ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીન અંગે ડી.આઇ.એલ.આર., સુરતનાં હુકમ તા. ૧૬/૧૧/૧૯૫૦ નીચે મે.મામલતદાર સાહેબનાં તા. ૨૬/૩/૧૯૫૨ નાં હુકમ મુજબ પુરવણી પત્રક નં. ૮ મુજબ દુરસ્તી કરવામાં આવેલી. જેથી દુરસ્તી પહેલા સદરહુ જમીનનો સર્વે નં. ૩૬૬/૧, ક્ષેત્રફળ એકર ૨-૩૪ ગુંઠા હતું. અને દુરસ્તી થયા બાદ સદરહુ સર્વે નં. ૩૬૬/૧/અ, ક્ષેત્રફળ એકર ૧-૧ ગુંઠા

જમીન દલપતભાઇ રણછોડભાઇનાં નામે તથા સર્વે નં. ૩૬૬/૧/બ, ક્ષેત્રફળ એકર ૦-૩૬ ગુંઠા જમીન સગીર છોટુભાઇ નાનુભાઇ, સગીર કિશોરભાઇ નાનુભાઇ સગીરોનાં વાલી ગજરાબેન નાનુભાઇ તથા ભીમભાઇ પ્રાણુભાઇનાં નામે તથા સર્વે નં. ૩૬૬/૧/ક, ક્ષેત્રફળ એકર ૦-૧૯ ગુંઠા જમીન દલપતભાઇ રણછોડભાઇનાં નામે તથા સર્વે નં. ૩૬૬/૧/ડ, ક્ષેત્રફળ એકર ૦-૧૮ ગુંઠા જમીન સગીર છોટુભાઇ નાનુભાઇ, સગીર કિશોરભાઇ નાનુભાઇ સગીરોનાં વાલી ગજરાબેન નાનુભાઇ તથા ભીમભાઇ પ્રાણુભાઇનાં નામે ચાલી આવેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૪૩૫** થી તા. ૧/૪/૧૯૫૨ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સર્વે નં. ૩૬૬/૧/બ તથા ૩૬૬/૧/ડ વાળી જમીનો (૧) સગીર છોટુભાઇ નાનુભાઇ, (૨) સગીર કિશોરભાઇ નાનુભાઇ સગીરોનાં વાલી ગજરાબેન નાનુભાઇ તથા (૩) ભીમભાઇ પ્રાણુભાઇ નાઓની સહ-માલીકીની ચાલી આવેલી. તે સહ-માલીકો પૈકી કિશોરભાઇ નાનુભાઇ તા. ૩૦/૪/૧૯૫૩ નાં રોજ ગુજરી જતા ગજરાબેન તે નાનુભાઇ પ્રાણુભાઇની વિધવાએ તા. ૧૩/૧૧/૧૯૫૩ નાં રોજ આપેલા જવાબને આધારે કિશોરભાઇ નાનુભાઇનું નામ કમી કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૫૨૯** થી તા. ૧૩/૧૧/૧૯૫૩ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ સર્વે નં. ૩૬૬/૧/બ તથા ૩૬૬/૧/ડ વાળી જમીનોનાં ચાલી આવતા માલીકો સગીર છોટુભાઇ નાનુભાઇ સગીરનાં વાલી ગજરાબેન નાનુભાઇ તથા ભીમભાઇ પ્રાણુભાઇ નાઓ કનેથી સદરહુ જમીન દલપતભાઇ રણછોડભાઇએ તા. ૧૫/૮/૧૯૫૩ નાં રોજ મોઢાનાં કરારથી વેચાણ રાખેલ હોવાથી આ બાબતે તુમાર ચાલી મે.મામલતદાર સાહેબનાં હુકમ નં. આર.ટી.એસ./એસ.આર.૮૧, તા. ૨૯/૧૨/૧૯૫૩ મુજબ દલપતભાઇ રણછોડભાઇનું નામ દાખલ કરતો હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૫૩૬** થી તા. ૫/૧/૧૯૫૪ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે. આમ, સર્વે નં. ૩૬૬/૧/અ, ૩૬૬/૧/બ, ૩૬૬/૧/ક તથા ૩૬૬/૧/ડ વાળી જમીનો દલપતભાઇ રણછોડભાઇની માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ જમીન અંગે હાલ સ્થળે પ્રત્યક્ષ કબજો મુળજીભાઇ વલ્લભભાઇનો હોવાથી મહેરબાન મામલતદાર સાહેબનાં હુકમ નં. આર.ટી.એસ./૬, તા. ૨૯/૧૨/૧૯૭૩ મુજબ મુળજીભાઇ વલ્લભભાઇનું નામ ગણોતીયા તરીકે દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૧૨૪૯** થી તા. ૨૯/૧૨/૧૯૭૩ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં ગણોતીયા મુળજીભાઇ વલ્લભભાઇએ જમીન માલીક દલપતભાઇ રણછોડભાઇનાં પાસેથી પાંચ હપ્તે રૂા.૧૦૮૩.૭૦/- પુરામાં ભરપાઇ કરવાની શરતે વેચાણ રાખેલી. જેની મહે.મામલતદાર સાહેબ અને કૃષિપંચ ઓલપાડનાં હુકમ નં. ૭૩૨/૭૪ મુજબ નોંધ કરી બીજા હકકમાં જમીન માલીકનાં ખરીદકિંમતનાં બોજાની નોંધ કરવામાં આવેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૧૨૭૧** થી તા. ૨૩/૧૦/૧૯૭૪ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં ગણોતીયા મુળજીભાઇ વલ્લભભાઇએ જમીનની ખરીદકિંમત રૂા. ૧૦૮૩.૭૦/- પુરા જમીન માલીકને ભરપાઇ કરી દીધેલ હોવાથી મે.મામલતદાર સાહેબ, ઓલપાડનાં નં. ટી.એન.સી. ૭૩૨/૭૪ ઓલપાડ, તા. ૨/૫/૧૯૭૨ ની કલમ ૩૨(મ) મુજબનાં ખરીદી પ્રમાણપત્રને આધારે બીજા હકકમાંથી જમીન માલીકનો બોજો કમી કરવામાં આવેલો. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૨૩૨૫** થી તા. ૧૧/૮/૧૯૯૯ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ નવી શરતની જમીનનાં માલીક મુળજીભાઇ વલ્લભભાઇએ સદરહુ જમીનને ફક્ત ખેતીનાં હેતુ માટે જુની શરતમાં તબદીલ કરવા મહે.નાયબ કલેકટર સાહેબ, ઓલપાડ પ્રાંતને અરજી કરતા તેઓનાં હુકમ નં. ૩૪૯૧/૯૯, તા. ૨૭/૧૧/૧૯૯૯ નાં રોજનાં હુકમ મુજબ સદરહુ જમીન ફક્ત ખેતીનાં હેતુ માટે જુની શરતમાં તબદીલ કરતો હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૨૩૪૫** થી તા. ૫/૧૨/૧૯૯૯ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ જમીન બીનખેતી પ્રિમીયમને પાત્ર શરતની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ જમીનનાં ચાલી આવતા માલીક મુળજીભાઇ વલ્લભભાઇએ સદરહુ જમીન (૧) અશોકભાઇ જમનાદાસ પટેલ તથા (૨) ઉમેશચંદ્ર જમનાદાસ પટેલ નાઓને રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ આપેલી. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૨૪૧૫** થી તા. ૧૮/૬/૨૦૦૧ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ જમીન (૧) અશોકભાઇ જમનાદાસ પટેલ તથા (૨) ઉમેશચંદ્ર જમનાદાસ પટેલ નાઓની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ જમીન અંગે મે.મામલતદાર સાહેબ, ઓલપાડનાં હુકમ નં. જમન/હકપ/સુધારા હુકમ/વશી ૪૧૩૨/૧૪ તા. ૨૫/૧૧/૨૦૧૪ નાં રોજનાં હુકમ મુજબ ફેરફાર નોંધ નં. ૨૩૨૭ અનુસાર બીજા હકકમાં દર્શાવેલ તગાવી તારણનો રૂા. ૩૦૦/- પુરાનો બોજો કમી કરવા સુધારા હુકમ કરવામાં આવેલ છે. જે સુધારા હુકમ અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૩૮૯ તથા ૩૩૯૦ થી** નોંધાયેલી અને પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૩૯૩ વાળી નવી શરતની જમીનને બીનખેતી રહેણાંકનાં હેતુ માટે જુની શરતમાં હેતુફેર કરવા મહે.કલેકટર સાહેબ, સુરતનાને અરજી કરવામાં આવેલી. અને તે અરજીનાં અનુસંધાનમાં મહે.કલેકટર સાહેબ, સુરતનાં હુકમ નં. ગણત-૪/રજી.નં. ૨૫૨/૧૪/વશી.૯૨૪/૧૫, ઓનલાઇન ફાઇલ નં. ૧૧૧૭૧ તા. ૩૦/૫/૨૦૧૫ નાં રોજ હુકમ મુજબ નવી શરતની જમીનને બીનખેતી રહેણાંકનાં હેતુ માટે જુની શરતમાં તબદીલ કરતો હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૪૫૦** થી તા. ૨૯/૬/૨૦૧૫ ના રોજ નોંધાયેલી અને તા. ૧૯/૮/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીન અંગે મહે.મામલતદાર સાહેબ, ઓલપાડનાં હુકમ નં. ગણત/૭૦-એ/કિસ/રજી.નં. ૩/૨૦૧૫ થી તા. ૧૪/૧૦/૨૦૧૫ નાં રોજનાં હુકમ મુજબ મોજે : કરમલાનાં બ્લોક નં. ૩૯૩ વાળી જમીન મુળજીભાઇ વલ્લભભાઇ ચૌહાણ પાસેથી ખરીદનાર અશોકભાઇ જમનાદાસ પટેલ તથા ઉમેશચંદ્ર જમનાદાસ પટેલ વારસાગત ખેડુત ખાતેદાર હોવાનું પુરવાર થતા ગણોતધારાની કલમ ૭૦(એ) હેઠળ આપેલ નોટીસ પરત ખેંચવા હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૫૯૨** થી તા. ૨૧/૧૦/૨૦૧૫ ના રોજ નોંધાયેલી અને તા. ૨૩/૧૨/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીન અંગે મે.નાયબ કલેકટરશ્રી, ઓલપાડ પ્રાંતનાં હુકમ નં. ગણત/૭૦(અ)/વશી.૩૦૬૫/રજી.નં. ૪૧૭/૨૦૧૫, તા. ૬/૧૨/૨૦૧૫ થી ગણોતધારાની કલમ ૭૦(અ) હેઠળની નોટીસ પાછી ખેંચવા બાબતનાં મામલતદારશ્રી, ઓલપાડનાં હુકમ નં. ગણત/૭૦-એ/કિસ/રજી.નં. ૩/૨૦૧૫ તા. ૧૪/૧૦/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ હુકમ રીવ્યુ કરતા, હુકમ યોગ્ય અને કાયદેસરનો હોય, અવલોકને લઇ પરત કરેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૬૬૦** થી તા. ૪/૧/૨૦૧૬ ના રોજ નોંધાયેલી અને તા. ૨૫/૨/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનોનાં માલીકો યાને (૧) અશોકકુમાર જમનાદાસ તથા (૨) ઉમેશકુમાર જમનાદાસ નાઓ સદરહુ જમીનોનો વિકાસ કરવા માંગતા હોય, સદરહુ જમીન અંગે નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ નગર નિયોજકશ્રીની કચેરી, સુરત શાખામાં પ્લાન તથા રજાચિઠ્ઠી મંજુર કરવા માટે અરજી કરેલી. તે અરજીનાં અનુસંધાનમાં નગર નિયોજક સુરતનાં ક્રમાંક : બીપી./કરમલા/ઓલપાડ/સુરત/૩૨૩૮ થી તા. ૧૬/૧૦/૨૦૧૫ નાં રોજથી વિકાસ પરવાનગી આપવામાં આવેલી. તેમજ પ્લાનનાં પત્ર નં. બી.પી./કરમલા/ઓલપાડ/સુરત/૩૨૩૭ થી તા. ૧૬/૧૦/૨૦૧૫ નાં રોજ પ્લાન મંજુર કરવામાં આવેલ છે. તેમજ સદરહુ બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનોનાં માલીકો યાને (૧) અશોકકુમાર જમનાદાસ તથા (૨) ઉમેશકુમાર જમનાદાસ, રહેવાસી : ૪૦૯, ટ્રીનીટી બિઝનેશ પાર્ક, એલ.પી.સવાણી રોડ, સુરત નાઓએ સદરહુ બ્લોક નંબરોવાળી જમીનોને રહેણાંકનાં હેતુ માટે બીનખેતીમાં રૂપાંતર કરવા મે.સચિવ કારોબારી સમિતિ અને જીલ્લા વિકાસ અધિકારીશ્રી સુરતનાને અરજી કરતા તેઓનો હુકમ નં. ૪/ડી.પી./એન.એ./રજી.નં. ૪૦૬/૧૬ તા. ૧૧/૫/૨૦૧૬, ક્ષેત્રફળ સુમારે

૩૧૧૬૨.૦૦ સ.ચો.મી. જમીનને રહેણાંકનાં હેતુ માટે બીનખેતીમાં રૂપાંતર કરતો હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૮૭૪** થી તા. ૨૦/૫/૨૦૧૬ ના રોજ નોંધાયેલી અને તા. ૨૦/૭/૨૦૧૬ નાં રોજ પ્રમાણિત થયેલી છે. આમ, સદરહુ બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનો રહેણાંકનાં હેતુ માટે બીનખેતીની ચાલી આવેલી છે.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૩૯૩ વાળી બીનખેતીની જમીનનાં માલીકો (૧) અશોકકુમાર જમનાદાસ તથા (૨) ઉમેશકુમાર જમનાદાસ, બંને રહેવાસી : ઘર નં. ૯, ગંગા-જમના પાર્ક, ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, અડાજણ, સુરતનાઓ કનેથી સદરહુ જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જે રજી.વેચાણ દસ્તાવેજ મહે.ઓલપાડનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનું.નં. ૯૫૨૩ થી તા. ૨૬/૫/૨૦૧૬ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૯૦૮** થી તા. ૧૬/૬/૨૦૧૬ ના રોજ નોંધાયેલી અને નોટીસની ખાત્રી કરી તા. ૨/૮/૨૦૧૬ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલી. આમ, સદરહુ બ્લોક નં. ૩૯૩ વાળી બીનખેતીની જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયાનાઓની સ્વતંત્ર માલીકી, કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૩૮૮/પૈકી ૨ વાળી બીનખેતીની જમીનનાં માલીકો (૧) અશોકકુમાર જમનાદાસ તથા (૨) ઉમેશકુમાર જમનાદાસ, બંને રહેવાસી : ઘર નં. ૯, ગંગા-જમના પાર્ક, ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, અડાજણ, સુરતનાઓ કનેથી સદરહુ જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જે રજી.વેચાણ દસ્તાવેજ મહે.ઓલપાડનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનું.નં. ૯૫૨૦ થી તા. ૨૬/૫/૨૦૧૬ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૯૦૯** થી તા. ૧૬/૬/૨૦૧૬ ના રોજ નોંધાયેલી અને નોટીસની ખાત્રી કરી તા. ૨/૮/૨૦૧૬ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલી. આમ, સદરહુ બ્લોક નં. ૩૮૮/પૈકી ૨ વાળી બીનખેતીની જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓની સ્વતંત્ર માલીકી, કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૩૯૨ વાળી બીનખેતીની જમીનનાં માલીકો (૧) અશોકકુમાર જમનાદાસ તથા (૨) ઉમેશકુમાર જમનાદાસ, બંને રહેવાસી : ઘર નં. ૯, ગંગા-જમના પાર્ક, ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, અડાજણ, સુરતનાઓ કનેથી સદરહુ જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જે રજી.વેચાણ દસ્તાવેજ મહે.ઓલપાડનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનું.નં. ૯૫૨૨ થી તા. ૨૬/૫/૨૦૧૬ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૯૧૦** થી તા. ૧૭/૬/૨૦૧૬ ના રોજ નોંધાયેલી અને નોટીસની ખાત્રી કરી તા. ૧૯/૮/૨૦૧૬ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલી. આમ, સદરહુ બ્લોક નં. ૩૯૨ વાળી બીનખેતીની જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓની સ્વતંત્ર માલીકી, કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૩૮૯ વાળી બીનખેતીની જમીનનાં માલીકો (૧) અશોકકુમાર જમનાદાસ તથા (૨) ઉમેશકુમાર જમનાદાસ, બંને રહેવાસી : ઘર નં. ૯, ગંગા-જમના પાર્ક, ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, અડાજણ, સુરતનાઓ કનેથી સદરહુ જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર

કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલી. જે રજી.વેચાણ દસ્તાવેજ મહે.ઓલપાડનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનું.નં. ૯૫૨૧ થી તા. ૨૬/૫/૨૦૧૬ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૩૯૧૧** થી તા. ૧૭/૬/૨૦૧૬ ના રોજ નોંધાયેલી અને નોટીસની ખાત્રી કરી તા. ૧૯/૮/૨૦૧૬ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલી. આમ, સદરહુ બ્લોક નં. ૩૮૯ વાળી બીનખેતીની જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓની સ્વતંત્ર માલીકી, કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલી.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનો અંગે મામલતદારશ્રી ઓલપાડનાં હુકમ નં. જદક/કરમલા-૩૯૨+૩૮૮-૨+૩૮૯+૩૯૩/વશી-૨૨૧૦/૨૦૧૬, તા. ૯/૮/૨૦૧૬ થી મોજે : કરમલા, તા. ઓલપાડનાં બ્લોક નં. ૩૯૨+૩૮૮/૨+૩૮૯ તથા ૩૯૩ વાળી જમીનમાં દાખલ થયેલ નોંધ નં. ૩૮૭૪ તા. ૨૦/૫/૨૦૧૬ અન્વયે બીનખેતી રહેણાંકનાં હેતુ માટે પરવાનગી આપવામાં આવેલ મે.જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરતનાં હુકમની નોંધ હોવા છતા પ્રશ્નવાળી જમીનની કોમ્પ્યુટર ૭/૧૨ તથા ૮-અ માં જુની શરત તરીકે ચાલી આવેલ હોય, સત્તા પ્રકારમાં જુની શરતને બદલે બીનખેતી તરીકેનો સુધારો કરવા હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે ગામ-કરમલાના ગામના નમુના નં. ૬ (હકક - પત્રક) માં **નોંધ નં. ૪૦૧૦** થી તા. ૧૨/૮/૨૦૧૬ ના રોજ નોંધાયેલી અને તા. ૧૦/૧૦/૨૦૧૬ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલી.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૩૮૮/પૈકી ૨, ૩૮૯, ૩૯૨ તથા ૩૯૩ વાળી જમીનો એકબીજાને લાગીને આવેલ હોય, તેમજ તેનો સત્તા પ્રકાર પણ એક જ હોવાથી મજકુર જમીનોને એકત્ર કરવા (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓએ મહે.મામલતદાર સાહેબ, ઓલપાડને અરજી કરેલી, અને તે અરજીનાં અનુસંધાનમાં મહે.મામલતદાર સાહેબ, ઓલપાડનાં હુકમ નં. અકત/કરમલા/બ્લોક એકત્ર/વશી.૬૩૪/૨૦૧૭ તા. ૯/૩/૨૦૧૭ થી ચારેય બ્લોક નંબરો એકત્ર કરતો હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે : કરમલાનાં હકક-પત્રકમાં **નોંધ નં. ૪૨૮૫** થી તા. ૨૧/૩/૨૦૧૭ નાં રોજ નોંધાયેલી અને તા. ૩૧/૫/૨૦૧૭ નાં રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન અંગે જીલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર સુરતનાં હુકમ ક્રમાંક : કે.જે.પી.એસ.આર./૪૫/૧૭-૧૮, તા. ૩/૭/૨૦૧૭ થી ગામે દુરસ્તી પત્રક નં. ૪૬ મુજબ દુરસ્તી કરી સદરહુ બીનખેતીની જમીનોનાં ચારેય બ્લોક નંબરો એકત્ર કરવામાં આવેલા. અને તે મુજબ સદરહુ બીનખેતીની જમીનને એક બ્લોક નં. ૩૮૮/૨, ક્ષેત્રફળ સુમારે ૩૧૧૬૨ ચો.મી., આકાર રૂા. ૩૭-૭૮ પૈસા આપવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે : કરમલાનાં હકક-પત્રકમાં **નોંધ નં. ૪૪૩૮** થી તા. ૧૪/૭/૨૦૧૭ નાં રોજ નોંધાયેલી અને ૬/૯/૨૦૧૭ નાં રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ બીનખેતીની જમીન અંગે જીલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર સુરતનાં હુકમ ક્રમાંક : કે.જે.પી.એસ.આર./૧૧૩/૧૭-૧૮, તા. ૩/૧૦/૨૦૧૭ મુજબ ગામે દુરસ્તી પત્રક નં. ૪૯ આધારે મજકુર બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા કુલ ૧ થી ૨૦૬ પ્લોટોના પાનીયા અલગ કરવામાં આવેલા. જે અંગેની નોંધ મોજે : કરમલાનાં હકક-પત્રકમાં **નોંધ નં. ૪૫૯૫** થી તા. ૪/૧૦/૨૦૧૭ નાં રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ બીનખેતીની જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલી. તે બીનખેતીની જમીનમાં રહેણાંકનાં હેતુ માટે મંજુર થયેલા પ્લાન મુજબ એ થી કયુ ટાઇપનાં કુલ ૨૦૬ પ્લોટો મંજુર કરવામાં આવેલ. અને તેમાં પાડવામાં આવેલા કુલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૫૩ થી ૮૨, ૮૪, ૮૫ થી ૧૦૬, ૧૦૭, ૧૦૯, ૧૧૦ થી ૧૩૧, ૧૩૨, ૧૫૦ થી ૧૫૫ તથા ૨૦૫ થી ૨૦૬ (કુલ ૮૬ પ્લોટો) વાળી મીલકતો (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓ કનેથી હરી એન્ટરપ્રાઇઝ

એક ભાગીદારી પેઢીનાં ભાગીદારોએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલ. જે રજી.વેચાણ દસ્તાવેજ મહે.ઓલપાડનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનું.નં. ૧૬૨૦૦ થી તા. ૧૬/૧૦/૨૦૧૭ નાં રોજ નોંધાયેલ છે. જે રજી.વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ મોજે : કરમલાનાં હકક-પત્રકમાં **નોંધ નં. ૪૭૬૧** થી તા. ૨૭/૨/૨૦૧૮ નાં રોજ નોંધાયેલી અને પ્રમાણિત કરવામાં આવેલી. ત્યારથી સદરહુ **પ્લોટ નં. ૫૩ થી ૮૨, ૮૪, ૮૫ થી ૧૦૬, ૧૦૭, ૧૦૯, ૧૧૦ થી ૧૩૧, ૧૩૨, ૧૫૦ થી ૧૫૫ તથા ૨૦૫ થી ૨૦૬ (કુલ ૮૬ પ્લોટો)** વાળી મીલકત હરી એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીની માલીકીની ચાલી આવેલ છે.

ત્યારબાદ સદરહુ બીનખેતીની જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલી. તે બીનખેતીની જમીનમાં રહેણાંકનાં હેતુ માટે મંજુર થયેલા પ્લાન મુજબ એ થી કયુ ટાઇપનાં કુલ ૨૦૬ પ્લોટો મંજુર કરવામાં આવેલ. અને તેમાં પાડવામાં આવેલા કુલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૯ થી ૨૮, ૧૩૭ થી ૧૪૯, ૧૫૬, ૧૭૮ થી ૨૦૧ (કુલ ૫૮ પ્લોટો) વાળી મીલકતો (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓ હરી એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીનાં ભાગીદારોએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલ. જે રજી.વેચાણ દસ્તાવેજ મહે.ઓલપાડનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનું.નં. ૬૧૦૬ થી તા. ૨૭/૩/૨૦૧૭ નાં રોજ નોંધાયેલ છે. જે રજી.વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ મોજે : કરમલાનાં હકક-પત્રકમાં **નોંધ નં. ૪૮૩૩** થી તા. ૧૨/૬/૨૦૧૮ નાં રોજ નોંધાયેલી અને તા. ૩૧/૮/૨૦૧૮ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલી. ત્યારથી સદરહુ **પ્લોટ નં. ૯ થી ૨૮, ૧૩૭ થી ૧૪૯, ૧૫૬, ૧૭૮ થી ૨૦૧ (કુલ ૫૮ પ્લોટો)** વાળી મીલકત હરી એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીની માલીકીની ચાલી આવેલ છે.

ત્યારબાદ સદરહુ બીનખેતીની જમીન (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલી. તે બીનખેતીની જમીનમાં રહેણાંકનાં હેતુ માટે મંજુર થયેલા પ્લાન મુજબ એ થી કયુ ટાઇપનાં કુલ ૨૦૬ પ્લોટો મંજુર કરવામાં આવેલ. અને તેમાં પાડવામાં આવેલા કુલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧ થી ૮ તથા ૩૦ થી ૫૨ તથા ૧૩૪ થી ૧૩૬ તથા ૧૫૭ થી ૧૭૭ તથા ૨૦૨ થી ૨૦૪ વાળી મીલકતો (૧) કમલેશકુમાર જયંતિલાલ દોશી, (૨) અમરતલાલ કિર્તીલાલ મહેતા, (૩) ક્રિમા દિલીપકુમાર કરોડીયા તથા (૪) ધ્વનિકા મિલનકુમાર કોરડીયા નાઓ કનેથી હરી એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીનાં ભાગીદારોએ રજી.વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલ. જે રજી.વેચાણ દસ્તાવેજ મહે.ઓલપાડનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનું.નં. ૭૪ થી તા. ૨/૧/૨૦૧૯ નાં રોજ નોંધાયેલ છે. જે રજી.વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ મોજે : કરમલાનાં હકક-પત્રકમાં **નોંધ નં. ૫૪૫૫** થી તા. ૧૯/૧/૨૦૧૯ નાં રોજ નોંધાયેલી છે. ત્યારથી સદરહુ **પ્લોટ નં. ૧ થી ૮ તથા ૨૯ થી ૫૨ તથા ૧૩૪ થી ૧૩૬ તથા ૧૫૭ થી ૧૭૭ તથા ૨૦૨ થી ૨૦૪ (કુલ ૫૯ પ્લોટો)** વાળી મીલકત હરી એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીની માલીકીની ચાલી આવેલ છે.

(બ) સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના **મોજે : કરમલાના બ્લોક નં. ૩૮૮/૨** વાળી બીનખેતીની જમીનમાં મંજુર થયેલા પ્લાન મુજબ **A થી Q** ટાઇપનાં રહેણાંકના પ્લોટો મંજુર કરવામાં આવેલ છે. તે બીનખેતીની જમીનમાં મંજુર થયેલા પ્લાન મુજબ નીચે મુજબના પ્લોટોવાળી મીલકત,

| પ્લોટ નંબર | પ્લોટેટ એરીયાનું ક્ષેત્રફળ (ચો.મી) | વણ-વહેચાયેલ રોડ-રસ્તા તથા C.O.P. નું ક્ષેત્રફળ (ચો.મી.) | કુલ્લે ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૫૩ થી ૮૨ (કુલ ૩૦ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૩૦ = ૨૩૩૧.૦૦ | ૧૪૯૭.૦૦ | ૩૮૨૮.૦૦ |
| ૮૫ થી ૧૦૬ (કુલ ૨૨ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૨૨ = ૧૭૦૯.૪૦ | ૧૦૯૭.૮૦ | ૨૮૦૭.૨૦ |
| ૮૪, ૧૦૭, ૧૦૯, ૧૩૨ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૪ | ૧૯૯.૬૦ | ૫૧૦.૪૦ |

| | | | |
|---|---|---|---|
| (કુલ ૪ પ્લોટ) | = ૩૧૦.૮૦ | | |
| ૧૧૦ થી ૧૩૧ (કુલ ૨૨ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૨૨ = ૧૭૦૯.૪૦ | ૧૦૯૭.૮૦ | ૨૮૦૭.૨૦ |
| ૧૫૦ થી ૧૫૫ (કુલ ૬ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૬ = ૪૬૬.૨૦ | ૨૯૯.૪૦ | ૭૬૫.૬૦ |
| ૨૦૫ તથા ૨૦૬ (કુલ ૨ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૮૭.૯૯ × ૨ =૧૭૫.૯૮ | ૧૧૩.૦૫ | ૨૮૯.૦૩ |
| ૯ | ૮૦.૦૨ | ૫૧.૪૦ | ૧૩૧.૪૨ |
| ૧૦ થી ૧૬ (કુલ ૭ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૭ = ૫૪૩.૯૦ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૯.૯૦ × ૭ = ૩૪૯.૩૦ | ૮૯૩.૨૦ |
| ૧૭ | ૨૫૯.૮૭ | ૧૬૬.૯૨ | ૪૨૬.૭૯ |
| ૧૮ | ૧૯૪.૪૭ | ૧૨૪.૯૧ | ૩૧૯.૩૮ |
| ૧૯ થી ૨૭ (કુલ ૯ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૯ = ૬૯૯.૩૦ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૯.૯૦ × ૯ = ૪૪૯.૧૦ | ૧૧૪૮.૪૦ |
| ૨૮ | ૮૪.૪૭ | ૫૪.૨૬ | ૧૩૮.૭૩ |
| ૧૩૭ | ૯૧.૪૨ | ૫૮.૭૨ | ૧૫૦.૧૪ |
| ૧૩૮ | ૯૩.૯૦ | ૬૦.૩૧ | ૧૫૪.૨૧ |
| ૧૩૯ | ૯૫.૪૪ | ૬૧.૩૦ | ૧૫૬.૭૪ |
| ૧૪૦ | ૯૭.૭૬ | ૬૨.૭૯ | ૧૬૦.૫૫ |
| ૧૪૧ | ૧૦૦.૧૮ | ૬૫.૦૦ | ૧૬૫.૧૮ |
| ૧૪૨ | ૧૦૨.૫૯ | ૬૬.૦૦ | ૧૬૮.૫૯ |
| ૧૪૩ | ૬૨.૪૩ | ૪૧.૦૦ | ૧૦૩.૪૩ |
| ૧૪૪ | ૧૦૧.૭૨ | ૬૬.૦૦ | ૧૬૭.૭૨ |
| ૧૪૫ | ૧૪૨.૪૭ | ૯૨.૦૦ | ૨૩૪.૪૭ |
| ૧૪૬ | ૧૮૧.૬૫ | ૧૧૭.૦૦ | ૨૯૮.૬૫ |
| ૧૪૭ | ૧૧૩.૬૬ | ૭૩.૦૦ | ૧૮૬.૬૬ |
| ૧૪૮ | ૧૫૦.૩૨ | ૯૭.૦૦ | ૨૪૭.૩૨ |
| ૧૪૯ | ૮૭.૦૦ | ૫૬.૦૦ | ૧૪૩.૦૦ |
| ૧૫૬ | ૮૯.૦૫ | ૫૭.૨૦ | ૧૪૬.૨૫ |
| ૧૭૮ | ૮૪.૪૩ | ૫૪.૨૩ | ૧૩૮.૬૬ |
| ૧૭૯ થી ૧૮૭ (કુલ ૯ પ્લોટો) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૦.૨૭ × ૯ = ૬૩૨.૪૩ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૫.૧૩ × ૯ = ૪૦૬.૧૭ | ૧૦૩૮.૬૦ |
| ૧૮૮ | ૧૪૮.૦૯ | ૯૫.૧૨ | ૨૪૩.૨૧ |
| ૧૮૯ | ૧૨૯.૦૯ | ૮૨.૯૨ | ૨૧૨.૦૧ |
| ૧૯૦ થી ૨૦૦ (કુલ ૧૧ પ્લોટો) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૦.૨૭ × ૧૧ = ૭૭૨.૯૭ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૫.૧૩ × ૧૧ = ૪૯૬.૪૩ | ૧૨૬૯.૪૦ |
| ૨૦૧ | ૮૧.૫૭ | ૫૨.૩૯ | ૧૩૩.૯૬ |
| ૧ | ૧૧૫.૨૦ | ૭૩.૯૯ | ૧૮૯.૧૯ |
| ૨ | ૭૫.૬૨ | ૪૮.૫૭ | ૧૨૪.૧૯ |
| ૩ | ૮૭.૪૬ | ૫૬.૧૮ | ૧૪૩.૬૪ |
| ૪ થી ૭<br>૩૦ થી ૩૯<br>૪૨ થી ૫૧ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૦ × ૨૪<br>૧૮૬૪.૮૦ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૪૯.૯૦ × ૨૪<br>૧૧૯૭.૬૦ | ૩૦૬૨.૪૦ |

| | | | |
|---|---|---|---|
| (કુલ ૨૪ પ્લોટ) | | | |
| ૮ | ૧૯૦.૬૮ | ૧૨૨.૪૭ | ૩૧૩.૧૫ |
| ૨૯ | ૯૧.૭૭ | ૫૮.૯૪ | ૧૫૦.૭૧ |
| ૪૦ તથા ૪૧ | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૭.૭૬ × ૨<br>૧૫૫.૫૨ | એક પ્લોટનું ક્ષેત્રફળ<br>૪૯.૯૫ × ૨<br>૯૯.૯૦ | ૨૫૫.૪૨ |
| ૫૨ | ૯૬.૧૧ | ૬૧.૭૩ | ૧૫૭.૮૪ |
| ૧૩૪ | ૯૦.૫૧ | ૫૮.૧૪ | ૧૪૮.૬૫ |
| ૧૩૫ | ૯૧.૪૨ | ૫૮.૭૨ | ૧૫૦.૧૪ |
| ૧૩૬ | ૯૨.૨૬ | ૫૯.૨૬ | ૧૫૧.૫૨ |
| ૧૫૭ | ૧૪૦.૪૬ | ૯૦.૨૨ | ૨૩૦.૬૮ |
| ૧૫૮ | ૭૫.૬૮ | ૪૮.૬૧ | ૧૨૪.૨૯ |
| ૧૫૯ | ૧૨૯.૨૮ | ૮૩.૦૪ | ૨૧૨.૩૨ |
| ૧૬૦, ૧૬૧,<br>૧૬૪ થી ૧૬૮<br>૧૭૧ થી ૧૭૬<br>(કુલ ૧૩ પ્લોટ) | એક પ્લોટનું ક્ષેત્રફળ ૭૦.૨૭ ×<br>૧૩<br>૯૧૩.૫૧ | એક પ્લોટનું ક્ષેત્રફળ<br>૪૫.૧૩ × ૧૩<br>૫૮૬.૬૯ | ૧૫૦૦.૨૦ |
| ૧૬૨ | ૭૩.૬૦ | ૪૭.૩૭ | ૧૨૦.૯૭ |
| ૧૬૩ | ૭૮.૭૨ | ૫૦.૬૬ | ૧૨૯.૩૮ |
| ૧૬૯ | ૧૦૯.૦૬ | ૭૦.૦૫ | ૧૭૯.૧૧ |
| ૧૭૦ | ૧૬૮.૦૬ | ૧૦૭.૯૫ | ૨૭૬.૦૧ |
| ૧૭૭ | ૮૦.૪૯ | ૫૧.૮૦ | ૧૩૨.૨૯ |
| ૨૦૨ | ૩૯૮.૩૨ | ૨૫૫.૯૪ | ૬૫૪.૨૬ |
| ૨૦૩ | ૩૨૦.૫૯ | ૨૦૫.૯૨ | ૫૨૬.૫૧ |
| ૨૦૪ | ૨૫૨.૧૧ | ૧૬૧.૯૩ | ૪૧૪.૦૪ |
| **કુલ ક્ષેત્રફળ** | **૧૭૬૧૪.૨૧** | **૧૧૩૧૬.૮૦** | **૨૮૯૩૧.૦૧** |

ઉપરોક્ત પ્લોટોવાળી મીલકતોનાં હાલનાં માલીકો <u>હરી એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીનાં ભાગીદારો..</u> **(૧) અનિલ હરીભાઇ ચલુડીયા,** રહેવાસી : ૨૬, આર્દશ સોસાયટી, આંબાતલાવડી, કતારગામ, સુરત. પીનકોડ નં. ૩૯૫૦૦૪ **(૨) ભરતભાઇ હરીભાઇ ચલુડીયા,** રહેવાસી : બી/૧૦૧, ધ પેલેડીયમ, જાગીરીની વાડી, રામકથા રોડ, કતારગામ, સુરત તથા **(૩) અરવિંદભાઇ હીરાભાઇ મેંદપરા,** રહેવાસી : ૫, નરસિંહ નગર, ગોતાલાવાડી, કતારગામ રોડ, સુરતનાઓ કાયદેસરનાં માલીક, મુખત્યાર, કબજેદાર અને ધારણકર્તા છે, તેમજ તેમનાં સિવાય સદરહુ ઉપર જણાવેલ ખુલ્લા પ્લોટવાળી જમીનોમાં અન્ય કોઇનો હકક, હિસ્સો, લાગ-ભાગ કે કોઇનો પણ બોજો ચાર્જ કે લિયન નથી. આમ, સદરહુ ઉપર પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લા પ્લોટોવાળી જમીનોનાં ઉપરોક્ત જણાવ્યા મુજબનાં ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે તે અંગેનો આ ટાઇટલ કલીયર રીપોર્ટ આપવામાં આવે છે.

સ્થળ : સુરત
તા.૦૪/૨/૨૦૧૯

PRAKASH M. PATEL MANOJ H. PATEL ADVOCATES SURAT

**(પ્રકાશ એમ.પટેલ)**
**(એડવોકેટ)**